**દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યાઓ પર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા મળેલ પેટા તજજ્ઞ સમિતિની તા.૨૪/૧૧/૨૦૨૦ના રોજ ૧૧:30 કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.**

---

૧. ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૨૪/૧૧/૨૦૨૦ના રોજ સવારે ૧૧:30 કલાકે બેઠક મળેલ. આ બેઠકનું આયોજન નીચે જણાવેલ પાંચ વિભાગો હસ્તકની સંવર્ગોમાં ઉમેદવારી કરવા લાયક દિવ્યાંગોની દિવ્યાંગતા સુનિશ્ચિત(post identification) કરવાની દરખાસ્ત પર ચર્ચા-વિચારણા હેતુ કરવામાં આવેલ.

1. ગૃહ વિભાગ - **3 જગ્યાઓ**માં મુક્તિ આપવા બાબતની દરખાસ્ત
2. માહિતી અને પ્રસારણ વિભાગ - **૪ જગ્યાઓ**માં મુક્તિ આપવા બાબત તથા **૨ જગ્યાઓમાં** દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા બાબતની દરખાસ્ત
3. મહિલા અને બાળ વિકાસ વિભાગ - **3 જગ્યાઓમાં** દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા બાબતની દરખાસ્ત
4. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની - **૪ જગ્યાઓમાં** દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા બાબતની દરખાસ્ત
5. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ- **૨ જગ્યાઓમાં** દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા બાબતની દરખાસ્ત

૨. આ બેઠકમાં નીચેના સમિતિના સભ્યશ્રીઓ હાજર રહેલ.

1. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) & I/C કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
2. નાયબ સચિવશ્રી (કર્મચારીગણ), સામાન્ય વહીવટ વિભાગ.
3. નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
4. નાયબ સચિવશ્રી (રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
5. નિયામકશ્રી, સમાજ સુરક્ષા.
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ.
7. નાયબ કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના

ઉક્ત પાંચ વિભાગ તરફથી રજૂ થયેલ દરખાસ્તને સંબધિત નાયબ સચિવશ્રીઓ, સેકશન અધિકારી તથા સંબધિત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.

૩. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી. સૌ પ્રથમ ગૃહ વિભાગની દરખાસ્ત પર વિચારણા કરવામાં આવી. ગૃહ વિભાગ દ્વારા પોલીસ વાયરલેસ સબ ઇન્સપેક્ટર(વર્ગ-૩), રેડીઓ ઓપરેટર(વર્ગ-૩) તથા રેડીઓ ટેકનીશીયન(વર્ગ-૩) સંવર્ગમાં દિવ્યાંગો માટે જગ્યા અનામત રાખવામાંથી મુક્તિ આપવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ. જે પૈકી રેડીઓ ઓપરેટર(વર્ગ-૩) તથા રેડીઓ ટેકનીશીયન(વર્ગ-૩) સંવર્ગને મર્જ કરી "ટેકનિકલ ઓપરેટર(વર્ગ-૩) નામાભિધાન કરવામાં આવેલ હોવાનું ના.સ.શ્રી.(ગૃહ વિભાગ)એ જણાવ્યુ. અ.મુ.સ.શ્રી(સા.ન્યા.)એ ઉક્ત બંન્ને સંવર્ગને મર્જ કર્યા બાદ "ટેકનિકલ ઓપરેટર"(વર્ગ-૩) સંવર્ગ તથા પોલીસ વાયરલેસ સબ ઇન્સપેક્ટર(વર્ગ-૩) સંવર્ગમાં મંજૂર થયેલ જગ્યાઓ(cadre strength), જગ્યાની કામગીરી(job chart), ભરતી નિયમો (RR)તથા ઉક્ત બંન્ને સંવર્ગ મર્જ થયા બાદ નવા સંવર્ગ "ટેકનિકલ ઓપરેટર"(વર્ગ-૩) તથા પોલીસ વાયરલેસ સબ ઇન્સપેક્ટર(વર્ગ-૩) માં દિવ્યાંગો માટે જગ્યા અનામત રાખવામાંથી મુક્તિ આપવી યોગ્ય છે કે નહિ તે અંગે વિચારણા કરી પુનઃ વિભાગને વિગતવાર દરખાસ્ત કરવા જણાવ્યુ.

૪. તજજ્ઞ સમિતિ દ્વારા ત્યારબાદ માહિતી અને પ્રસારણ વિભાગની દરખાસ્ત પર વિચારણા કરવામાં આવી. માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા નીચે દર્શાવેલ ક્રમ(૧) થી (૩)ના સંવર્ગમાં દિવ્યાંગો માટે જગ્યા અનામત રાખવામાંથી મુક્તિ આપવા તથા ક્રમ(૪) થી (૬) માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા દરખાસ્ત કરેલ હતી. જેના પર તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબની મંજૂરી આપવામાં આવેલ છે.

| માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકની નીચે મુજબના ૬ સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજ્જ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | નાયબ માહિતી નિયામક | ૧ | આ જગ્યા સીધી ભરતીથી ભરવા માટે દિવ્યાંગ માટે અનામત રાખવામાંથી મુક્તિ આપવા દરખાસ્ત | | | | LV (upto 70% ) | HH | OA, OL, LC, D, AAV | A |
| ૨ | સહાયક માહિતી નિયામક(સંપાદન) | ૨ | | | | | | | | |
| 3 | સિનીયર સબ એડીટર | 3 | | | | | | | | |
| ૪ | માહિતી મદદનીશ | 3 | LV | HH | OA, OL, LC, D, AAV | - | | | | |
| ૫ | સીનીયર ક્લાર્ક | 3 | LV | HH | D | - | B, LV | HH | OA, OL, OAL, BL, BLOA, D, LC, AAV, CP, MDy | SLD |
| ૬ | જુનીયર ક્લાર્ક | 3 | | | | | | | | |

૫. તજજ્ઞ સમિતિ દ્વારા ત્યારબાદ મહિલા અને બાળ વિકાસ વિભાગ અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની દરખાસ્ત પર વિગતવાર વિચારણા કરી નીચે મુજબની દિવ્યાંગતાના પ્રકાર માન્ય રાખવામાં આવેલ છે.

| મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની નીચે મુજબના 3 સંવર્ગો માટે | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજ્જ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | A | B | C | D& E | A | B | C | D&E |
| 1 | નાયબ નિયામક | 3 | LV | H H | OA, OAL, OL,D, AAV, | Only which includes (a),(b) & (C) (1%) | **LV (40-80%)** | **HH (40 - 80% )** | **OL,OA, OAL, D, AAV, LC** | **SLD, MD (from amongst person under clauses (a) to (c))** |
| 2 | પ્રોગ્રામ અધિકારી | 3 | | | | | | | | |
| 3 | બાળ વિકાસ યોજના અધિકારી | 3 | | | | | | | | |
| અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ હસ્તકની નીચે મુજબના ૪ સંવર્ગો | | | | | | | | | | |
| 1 | મદદનીશ નિયામક | ૨ | B, LV | H H | OA, OAL, OL, BL, BLOA, CP,D, LC, AAV, MDy, | MD from amongst person under cluses (a) to (c) | **B, LV** | **HH (any body but not deaf)** | **OA, OAL, OL, BL, BLOA, CP,D, LC, AAV, MDy,** | **SLD,MD from amongst person under clauses (a) to (d)** |
| 2 | હેડ ક્લાર્ક | 3 | | | | | | | | |
| 3 | સીનીયર ક્લાર્ક | 3 | | | | | | | | |
| 4 | જુનિયર ક્લાર્ક | 3 | | | | | | | | |

{ Code and functional classification:- Blind (**B**), Low vision (**LV**), Fully Deaf (**DF**), Hard of hearing(**HH**), [Locomotor disability (**LD**) :- **OA** (one arm), **OL**(one leg), **BA**(both arm), **BH**(both hands), **OAL**(one arm one leg) , **BLA**(both legs and arms) , **BLOA**( both legs one arm), **OABL**(one arm both legs), **BAOL**(both arms one leg), **BABL**(both arms both leg), **OAOL**(one arm one leg) ], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**D**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Autism (**A**), Intellectual disability(**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**M**), [Multiple Disabilities **(MD)** -Disabilities included in group **(A)** to **(D)]. }**

૬. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એકસ.રે આસીસ્ટન્ટ (વર્ગ-3) અને ફિઝીયોથેરાપીસ્ટ (વર્ગ-3) સંવર્ગ માટે દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા અંગે Blind(B), Low Vision (LV) તથા Hard of Hearing (HH) કેટેગરીમાં Disability Percentage (%) નિશ્ચિત

કરવા માટે નેત્ર ચિકિત્સક(ophthalmologist), ENT સર્જનને તથા ફેડરેશન ઓફ બ્લાઇન્ડ કે અંધજન મંડળના પ્રતિનિધિ સાથે બેઠક કરી તેમનો અભિપ્રાય લેવા સૂચન કર્યું.

૭. અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની અધિક મુખ્ય સચિવશ્રીએ બેઠક સમાપ્ત કરી.

(જી.પી.પટેલ)
નાયબ સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(ડૉ. અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણની કચેરી

(પકેશ ઠાકોર)
નાયબ સચિવ - રોસ્ટર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(ડૉ. જયશંકર ઓધવાણી)
નાયબ સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(જી.એન.નાચિયા)
નિયામક
નિયામક, સમાજ સુરક્ષા ખાતની કચેરી

(બી.જી.મીનવાલે)
નાયબ કમિશનરશ્રી,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(મનોજ અગ્રવાલ)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.